સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૨૪/૦૮/૨૦૧૭
રજી. તારીખ : ૨૪/૦૮/૨૦૧૭
ફેસલ તારીખ : ૦૪/૦૭/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

## FORM-A

---

**પોરબંદરના મહે જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલત સમક્ષ, જી. પોરબંદર.**

---

**એમ. એ. ભટ્ટી,**
જીલ્લા ન્યાયાધીશ
જી. પોરબંદર.

**સેશન્સ કેસ નં.૩૧/૨૦૧૭**
**આંક :**

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશનઃ–** | જીલ્લો પોરબંદર, પોલીસ મથકઃ કુતિયાણા પો.સ્ટે.<br>વર્ષઃ ૨૦૧૭ પ્રથમ માહીતી અ.ક્રમાંકઃ ફર્સ્ટ ૨૬/૨૦૧૭ |
| **ગુન્હોઃ–** | ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ |
| **તહોમતનામા મુજબ તહોમતઃ–** | ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ |
| **ફરીયાદીઃ–** | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરીયાદીઃ–કરણ બાવનભાઇ મકવાણા) |
| **વિ.પી.પી.શ્રીઃ–** | એસ. બી. જેઠવા |
| **આરોપી–** | **નજીરભાઇ ગીગાભાઇ રાનીચા**<br>ઉ.વ. ૨૧,<br>રહે. બાવળાવદર, દાદાબાપુની દરગાહ,<br>તા. કુતિયાણા,<br>જી.પોરબંદર. |
| **આરોપીઓ તરફે વિ.વ.શ્રીઃ–** | શ્રી એસ. ડી. જોખીયા |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખઃ– | ૩૧/૦૫/૨૦૧૭ |
| ફરીયાદની તારીખઃ– | ૩૧/૦૫/૨૦૧૭ |
| ચાર્જશીટની તારીખઃ– | ૧૮/૦૭/૨૦૧૭ |
| તહોમત ફરમાવ્યાની તારીખઃ– | ૦૩/૧૦/૨૦૧૯ |
| પુરાવો શરૂ કર્યાની તારીખઃ– | ૧૩/૧૨/૨૦૧૯ |
| ચુકાદો રાખ્યાની તારીખઃ– | ૨૪/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખઃ– | ૦૪/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તોઃ– | આરોપીને છોડી મુકતો હુકમ જાહેર કરેલ છે. |

## આરોપીની વિગતો–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | **નજીરભાઇ ગીગાભાઇ રાનીયા** | ૩૧/૦૫/૨૦૧૭ | ૦૫/૦૭/૨૦૧૭ | ભારતીય દંડ સંહીતાની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ | આરોપી ને છોડી મુકવામાં આવ્યા. | લાગુ પડતુ નથી. | |

## FORM-C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષ તરફે :-

### ફરીયાદપક્ષનો મૌખીક પુરાવો

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | કરણભાઇ બાવનભાઇ મકવાણા | ફરીયાદી | ૦૮ |
| ૨. | દેવાભાઇ છગનભાઇ ઓડેદરા | પંચ | ૧૯ |
| ૩. | ભરત સરમણભાઇ પરમાર | પંચ | ૨૯ |
| ૪. | રાજુભાઇ સરમણભાઇ મોઢવાડીયા | પંચ | ૩૪ |
| ૫. | ભીખુભાઇ મામદભાઇ રાનીયા | પંચ | ૩૬ |
| ૬. | ગોપાલભાઇ કાનજીભાઇ સોલંકી | પંચ | ૩૭ |
| ૭. | જાગીરસીંઘ ગરીબદાસ લાલકા | પંચ | ૪૦ |
| ૮ | વિવેકભાઇ અરવિંદભાઇ વાળા | પંચ | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૯. | રવિભાઇ મનસુખભાઇ શીંગરખીયા | પંચ | ૪૪ |
| ૧૦ | ભાવેશ દેવાભાઇ ઓડેદરા | પંચ | ૪૬ |
| ૧૧ | ભનુ દેવશીભાઇ ઓડેદરા | પંચ | ૪૯ |
| ૧૨ | નાગાજણ છગનભાઇ ઓડેદરા | સાહેદ | ૫૧ |
| ૧૩ | રામભાઇ લખમણભાઇ ઓડેદરા | સાહેદ | ૫૨ |
| ૧૪ | ડો. વેજીબેન કેશુભાઇ ઓડેદરા | ડોકટર | ૫૩ |
| ૧૫ | કારાભાઇ રાજશીભાઇ ચાવડા | સાહેદ | ૬૦ |
| ૧૬ | પુતીબેન કારાભાઇ ચાવડા | સાહેદ | ૬૧ |
| ૧૭ | વિજય નાથાભાઇ શીંગરખીયા | પોલીસ | ૬૨ |

(બી) **બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** |
|---|---|---|
| – | – | – |

(સી) **કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** |
|---|---|---|
| – | – | – |

**<u>ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ</u>–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૯ |
| ૨. | મરણોતર પંચનામું | P20/PW-2 |
| ૩. | બનાવવાળી જગ્યાનું પંચનામું | P30/PW-3 |
| ૪. | મુદ્દામાલ કબજે કર્યાની પંચસ્લીપો | P31 TO P33/PW-3 |
| ૫. | આરોપીને અટક કર્યાનું પંચનામું | ૩૫ |
| ૬. | ગુનામાં વપરાયેલ વાહન બોલેરો જી.જે.૨૫.યુ.૭૭૮૬ ના એફએસએલ તપાસ અર્થે તથા તેમા રહેલ અરીસાના ફાઇબરનો ટુકડો કાઢી એફએસએલ તપાસ અર્થે કબજે કર્યાનું પંચનામું | ૩૮ |
| ૭. | ગુનામાં વપરાયેલ વાહન બોલેરો જી.જે.૨૫.યુ.૭૭૮૬ માંથી ફાઇબરનો ટુકડો કબજે કર્યાનું પંચનામું | ૪૨ |
| ૮. | મુદ્દામાલ કબજે કર્યાની પંચસ્લીપ | ૪૩ |
| ૯. | મરણ જનારના ૫ સીસી બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૪૭ |

| | | |
|---|---|---|
| ૧૦. | પી.એમ. કરવા અંગેની યાદી | ૫૪ |
| ૧૧. | લાશ સંભાળ્યા અંગેની પહોંચ | ૫૫ |
| ૧૨. | ફોર્મ નં. ૨–બી | ૫૬ |
| ૧૩. | પી.એમ. કરતી વખતે લાશ પરથી વીસેરાના નમુના લીધા અંગેનું ફોર્મ | ૫૭ |
| ૧૪. | પી.એમ. રીપોર્ટ | ૫૮ |
| ૧૫. | કોમ્પ્યુટરાઇઝડ પી.એમ. રીપોર્ટ | ૫૯ |
| ૧૬ | તપાસ હુકમ | ૬૩ |
| ૧૭ | ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા માટે મોકલ્યા અંગેની યાદી | ૬૪ |
| ૧૮ | ઈન્કવેસ્ટ ભરવા અંગેની યાદી | ૬૫ |
| ૧૯ | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેની યાદી | ૬૬ |
| ૨૦ | સ્થળ પરીક્ષણનો પ્રાથમીક અહેવાલ | ૬૭ |
| ૨૧ | અકસ્માત કરનાર બોલેરોનું પરીક્ષણ કરવા અંગેની યાદી | ૬૮ |
| ૨૨ | લાસ સાથે મોકલવાનો પોલીસ રીપોર્ટ | ૬૯ |
| ૨૩ | મુદ્દામાલ પરીક્ષણ માટે મોકલ્યા અંગેની રવાનગી નોંધ | ૭૦ |
| ૨૪ | મુદ્દામાલ પરીક્ષણ માટે મોકલ્યાની ઓનલાઈન રવાનગી નોંધ તથા સતાનું પ્રમાણપત્ર | ૭૧ |
| ૨૫ | એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલ મળી ગયાની પહોંચ | ૭૨ |
| ૨૬ | એફ.એસ.એલ. જુનાગઢનો ફોરવર્ડીંગ પત્ર તથા બાયોલોજી પરીક્ષણ અહેવાલ | ૭૩ |
| ૨૭ | એફ.એસ.એલ. જુનાગઢનો સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૭૪ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો**

| **અ.નં.** | **દસ્તાવેજનું નામ** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| **અ.નં.** | **દસ્તાવેજનું નામ** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| **૧** | **ફર્સ્ટ ૨૬/૨૦૧૭<br>તા.૩૧/૦૫/૨૦૧૭** | (૧) બનાવવાળી જગ્યાએ લોહીના ધાબામાં ઘસીને લીધેલ કોટન ઘોજનો ટુકડો એક કોથળીમાં કોથળી કપડાની બેગીમાં શીલબંધ છે તે<br>(૨) બનાવવાળી જગ્યાએ પડેલ અરીસાના ફાઈબરના ટુકડા એક કોથળીમાં જે કોથળી કપડાની બેગીમાં શીલબંધ છે તે.<br>(૩) બનાવવાળી જગ્યાએ કંટ્રોલ સેમ્પલ તરીકે લીધેલ કોટન ઘોજનો ટુકડો કોથળીમાં કોથળી કપડાની બેગીમાં શીલબંધ છે તે. |
| **૨** | **ફર્સ્ટ ૨૭/૨૦૧૭<br>તા.૦૧/૦૬/૨૦૧૭** | (૧) ડ્રાઈવર સાઈડના અરીસાનો તુટેલ ફાયબરનો ટુકડો બોલેરો પીકઅપ નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ માંથી કાઢી કોથળીમાં રાખી કોથળી કપડાની બેગીમાં શીલબંધ છે તે |
| **૩** | **ફર્સ્ટ ૨૮/૨૦૧૭<br>તા.૦૫/૦૬/૨૦૧૭** | (૧) મરણ જનાર કરણ કારા ચાવડાના પી.એમ. વખતે ડો.શ્રીએ લીધેલ પી.એમ. બ્લડની શીલબંધ બોટલ જેના એમ.એલ.સી. નં. ૧૨૧ છે જે શીલબંધ બોટલ–૧ બોકસમાં છે તે. |

---

**પોરબંદરના મ્હે. જીલ્લા ન્યાયાધીશ સમક્ષ, જી. પોરબંદર.**

---

**એમ. એ. ભટ્ટી**
જીલ્લા ન્યાયાધીશ,
જી.પોરબંદર.
**(ચુકાદાની તારીખ :૦૪/૦૭/૨૦૨૬)**

**સેશન્સ કેસ નં.૩૧/૨૦૧૭**
**આંક :-**

**શ્રી સ ર કા ર** **....ફરીયાદ પક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**નજીરભાઇ ગીગાભાઇ રાનીયા**
ઉ.વ.આ.૨૧,
રહે.બાવળાવદર, દાદાબાપુની દરગાહ,
તા. કુતિયાણા, જી. પોરબંદર.

**....આરોપી પક્ષ.**

**:: <u>ચુ કા દો</u> ::**

**(૧)** આ કામના આરોપી વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબના ગુન્હા સબબ પોરબંદર જીલ્લાના કુતિયાણા પોલીસ સ્ટેશન ગુ.રજી. નં. ફર્સ્ટ ૨૬/૨૦૧૭ થી નોંધાયેલ ફરીયાદ અનુસંધાને તા.૦૩/૧૦/૨૦૧૯ ના રોજ **આંક-૦૬** થી તહોમતનામું ફરમાવેલ જે તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવતા તેઓનું **આંક-૦૭** થી નિવેદન લેવામાં આવેલ. જેમાં તેઓએ તહોમતનામા મુજબના ગુન્હાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ. જેથી હાલના આરોપી સામે તહોમતનામા મુજબ આઇ.પી.સી. કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબ ના ગુન્હા સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

**(૨) <u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :-</u>**

**/એ/** આ કામના આરોપીએ તા. ૩૧/૦૫/૨૦૧૭ ના ક. ૧૫:૦૦ વાગ્યાના સુમારે પોતાના હવાલાવાળું બોલેરો પીકઅપ વાન નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ નું

બેફીકરાઇથી અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે જાણી જોઇને રોંગ સાઇડમાં પુરઝડપે હંકારી પોતાના આવા કૃત્યથી કોઇપણ વ્યકિતનું મૃત્યુ નીપજે તેવું જાણતા હોવા છતાં ઇરાદાપુર્વક વાહન ચલાવી મરણ જનાર કરણભાઇ કારાભાઇ ચાવડા ઉ.વ. ૧૭ રહે. મોબતપરાવાળાને હડફેટમાં લઇ માથામાં તથા શરીરે ગંભીર તથા છોલાણ ઇજાઓ કરી તેનું મૃત્યુ નિપજાવી બોલેરો વાહન લઇ નાશી જઇ ગુનો કરી પાછળથી પકડાઇ જઇ, આઇ.પી.સી. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો ગુન્હો બનેલ જેની ફરીયાદ ફરીયાદીએ તા.૩૧/૦૫/૨૦૧૭ ના રોજ પોરબંદર જીલ્લાના કુતિયાણા પોલીસ સ્ટેશનના પો.સ.ઇ. રૂબરૂ જાહેર કરેલ.

**/બી/** ફરીયાદીએ ઉપરોકત હકીકતે બનેલ બનાવની ફરીયાદ તા. ૩૧/૦૫/૨૦૧૭ ના રોજ પોરબંદર જીલ્લાના કુતિયાણા પોલિસ સ્ટેશનના પો.સ.ઇ. રૂબરૂ ફરીયાદ જાહેર કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ, ગુનો દાખલ કરવા માટે પી.એસ.ઓ.ને મોકલેલ જે ગુન્હો કુતિયાણા પોલિસ સ્ટેશન ગુ.રજી. નં. ફસ્ર્ટ ૨૬/૨૦૧૭ થી આઇ.પી.સી. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો ગુન્હો નોંધી આંક–૦૯ વાળી ફરીયાદ ફરીયાદી રૂબરૂ લખાવેલ હતી જે ફરીયાદ સબંધે ગુન્હો દાખલ કરવા તેઓએ રીપોર્ટ કરેલ હતો અને તે મુજબ ગુનો દાખલ થયેલ હતો અને પો.સ.ઇ. વિ. એન. શીંગરખીયાનાઓને આ ગુના કામે આગળની તપાસ સંભાળી તેઓએ તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાનું પંચનામું કરી તે જગ્યાએથી બ્લડ સેમ્પલ તથા કંટ્રોલ સેમ્પલ તથા કાચના ટુકડા પંચનામાની વિગતે કબજે લીધેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપીને અટક કરી તેઓએ બનાવમાં ઉપયોગમાં લીધેલ બોલેરો તપાસ અર્થે કબજે લીધેલ તેમજ એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલ વિગેરે મુજબની તપાસની કાર્યવાહી કરી તપાસ પુર્ણ થઇ ગયેલ હોવાથી આરોપી સામે પુરતો પુરાવો જણાય આવતા કુતિયાણાના જયુડી. મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

## (૩) <u>કમીટલ પ્રોસીડીંગ્સ</u> :–

આરોપી વિરૂદ્ધ કુતિયાણાના વિ. જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૨૧૫/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીને તેમની વિરૂદ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી,

આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સત્ર અદાલતને હોય, આરોપી પોતાના સ્વ–ખર્ચે વકીલ રોકી કાનુની બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, વિધ્વાન મેજસ્ટ્રેટશ્રીએ સદર કેસ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમીટ કરવાનો હુકમ કરેલ.

## (૪) <u>તહોમતનામું અને આરોપીઓની પ્લી :–</u>

સદર કેસ કમીટ થઈને આવતા તે સેશન્સ કેસ નં.૩૧/૨૦૧૭ થી રજીસ્ટરે લઈ, સદર કેસ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની અદાલતમાં તબદીલ કરતા આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી, તા. ૦૩/૧૦/૨૦૧૯ ના રોજ બન્ને પક્ષની રજુઆતો ધ્યાને લઈ આરોપી વિરૂધ્ધ **આંક–૦૬** થી તહોમતનામું ફરમાવતા, આરોપીએ તેમના **આંક–૦૭** થી રજુ નિવેદનથી ગુનો કર્યાનો ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાની માંગણી કરતા તેમજ સરકારી વકીલ અંગે પુછતા તેઓએ સરકારી વકીલ રોકવાની ના પાડેલ અને ખાનગી વકીલ રોકી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૫) <u>આરોપનું વિશેષ નિવેદન :–</u>

કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત FORM-C માં દર્શાવવામાં આવેલ તમામ પુરાવાઓ રેકર્ડે નોંધવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૭૯ ની પુરશીશ રજુ કરી, ફરીયાદપક્ષ તરફેના પુરાવાઓ પુરા થયાનું જાહેર કરતા, ઈન્સાફી કાર્યવાહીના અંતે સી.આર.પી.સી. કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાઓની હકીકતો નો મહદઅંશે ઈન્કાર કરતી તથા પુરાવાની હકીકતો બાબતે પોતે કાંઈ જાણતા ન હોવાનું અને ખોટી ફરીયાદ, ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવી, વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની હકીકતો જણાવેલ છે. વધુમાં, આરોપી જાતે સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવુ વિશેષ નિવેદનમાં જણાવતા અને આરોપી તરફે તેઓ કોઈ પુરાવા રજુ કરવામાં ન આવતા, અંતમાં સદરહું કેસના ન્યાયીક નિર્ણય સારું બંને પક્ષે વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળવામાં આવેલ.

**<u>ફરીયાદ પક્ષની દલીલો:</u>**

(૬) ફરિયાદપક્ષે વિધ્વાન પી.પી.શ્રી એસ. બી. જેઠવાએ તેમની મૌખીક દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ તા. ૩૧/૦૫/૨૦૧૭ ના ક. ૧૫:૦૦ વાગ્યાના સુમારે પોતાના હવાલાવાળું બોલેરો પીકઅપ વાન નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ નું બેફીકરાઇથી અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે જાણી જોઇને રોંગ સાઇડમાં પુરઝડપે હંકારી પોતાના આવા કૃત્યથી કોઇપણ વ્યકિતનું મૃત્યુ નીપજે તેવું જાણતા હોવા છતાં ઇરાદાપુર્વક વાહન ચલાવી મરણ જનાર કરણભાઇ કારાભાઇ ચાવડા ઉ.વ. ૧૭ રહે. મોબતપરાવાળાને હડફેટમાં લઇ માથામાં તથા શરીરે ગંભીર તથા છોલાણ ઇજાઓ કરી તેનું મૃત્યુ નિપજાવી બોલેરો વાહન લઇ નાશી જઇ ગુનો કરી પાછળથી પકડાઇ જઇ ગુનો કરેલ. જે સબંધે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની તેમજ મેડીકલ ઓફીસરની જુબાની તેમજ પી. એમ. રીપોર્ટ, પંચનામાઓ લક્ષમાં લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

**<u>બચાવ પક્ષની દલીલો:</u>**

(૭) આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી એસ. ડી. જોખીયાનાઓએ પોતાની મૌખીક દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી કરણભાઇ બાવનભાઇ મકવાણાને આંક–૦૮ થી તપાસવામાં આવેલા છે અને તેઓના જણાવ્યા પ્રમાણે તેમની પાસે બે ટ્રકો હતા જેમાં એક ટ્રક નં. જી.જે.૨૫.યુ.૯૮૩૩ બનાવના અરસામાં તેનો ભાઇ સરમણ બાવન મકવાણા લઇ ગેલ હતો અને તેમાં ઓઇલ વિગેરે સામાન બદલવાનો હતો જેથી તેઓ બપોરના સમયે કુતિયાણા મારુતી શો રૂમમાંથી જરુરી સ્પેરપાર્ટસ લઇ અને આ મારુતી ઓટો મોટર્સમાં કામ કરતા કરણભાઇ ચાવડા તેઓ સાથે સામેની સાઇડે રોડની કીનારી પાસે સામાન મુકી અને ટાટા શોરુમે જતા હતા ત્યારે રોંગ સાઇડમાંથી યુટીલીટી ગાડી ફુલ સ્પીડમાં આવી કરણને હડફેટે લેતા કરણનો ઘા થતા તે પડી ગયેલ અને તેને એક પગ છુંદાય ગયો હતો અને માથાના ભાગે ઇજા થવાથી લોહી નીકળતા હતા તે બોલીચાલી શરતો ન હતો અને તેને દવાખાને લઇ ગયેલ અને આ કરણનું મૃત્યુ નિપજેલ તેમ જણાવે છે પરંતુ બનાવમાં જે યુટીલીટી વાહને મરણ જનાર કરણને હડફેટે લીધેલ તેના

ચાલકનું નામ ફરીયાદી જણાવતા નથી કે તે યુટીલીટી વાહનના નંબર પણ ફરીયાદી તેમની જુબાનીમાં જણાવતા નથી.

વધુમાં રજુઆત છે કે ફરીયાદીએ આ વાહન સીસીટીવી કેમેરામાં જોયેલાનું જણાવેલ છે પરંતુ આ કામમાં આવા કોઇ સીસીટીવી કેમેરાના ફુટેજ રજુ થયેલ નથી. ઉલટ તપાસમાં ફરીયાદી બનાવ સમયે યુટીલીટી વાહન કોણ ચલાવતું હતું તે ચાલકના વર્ણનની તેમને ખબર નથી તે હકીકતને સ્વીકારે છે. વધુમાં ઉલટ તપાસમાં બનાવ સ્થળે કોઇ માણસોએ ડ્રાઇવરને જોયેલ નથી તેમ પણ જણાવે છે આમ ફરીયાદીની સમગ્ર જુબાની જોતાં યુટીલીટી વાહને મરણ જનાર કરણને હડફેટે લેતાં કરણને ઇજા થતાં મૃત્યુ પામેલાનું જણાવે છે પરંતુ તે યુટીલીટી વાહનના નંબર કે ચાલક બાબતે તઓ કોઇ હકીકત જણાવતા નથી.

વધુમાં રજુઆત છે કે આ કામમાં આંક-૬૦ થી સાહેદ કારાભાઇ રાજશીભાઇ ચાવડાને તથા આંક-૬૧ થી સાહેદ પુતીબેન કારાભાઇ ચાવડાને તપાસવામાં આવેલ છે અને આ બંને સાહેદો ગુજરનાર કરણભાઇના માતા-પિતા થાય છે અને તેમનો ગુજરનાર દીકરો કરણ પોરબંદર રાજકોટ નેશનલ હાઇ-વે રોડ પર કોટડાના પાટીયા પાસે આવેલ ગેરેજમાં નોકરી કરતો હતો અને બનાવના દિવસે તે ડોલ ગાડીવાળાને દેવા જતો હતો ત્યારે રોંગ સાઇડમાં બોલેરો ગાડી આવેલી અને બોલેરોવાળાએ તેમના દીકરાને ટકકર મારેલ અને તેને ઇજા થતા તેનું મૃત્યુ નિપજેલું તેમ જણાવે છે. પરંતુ આ બંને સાહેદો તેમના દીકરને ટકકર મારનાર બોલેરો ગાડીના નંબર શું હતા તે જણાવતા નથી કે બોલેરો ગાડીનો ચાલક કોણ હતો તેનું નામ પણ જણાવતા નથી અને બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવની જાત માહીતી નથી તથા અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર કે તેના ચાલકની તેમને ખબર નથી તથા બોલેરો વાહન કયાં કલરનું હતું અને તેના નંબર શું હતા કે તેના માલીક કોણ હતું તેની તેમને ખબર નથી તે હકીકત સ્વીકારે છે. આમ, ઉપરોકત ફરીયાદી તથા આ બંને સાહેદો બોલેરો ગાડીએ ટકકર મારતા ગુજરનાર કરણનું મરણ થયેલાનું જણાવે છે પરંતુ તેઓ બોલેરો ગાડીના નંબર તથા ચાલક કોણ હતા તે અન્વયે કોઇ હકીકત જણાવતા નથી તેમજ આ કામે આંક-૫૧ થી સાહેદ નાગાજણ છગનભાઇ ઓડેદરા તથા આંક-૫૨ થી સાહેદ રામભાઇ લખમણભાઇ ઓડેદારને તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદોને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ. પી.પી.શ્રી દવારા તેઓની ઉલટ તપાસમાં ફરીયાદપક્ષને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત સાહેદો જણાવતા નથી.

વધુમાં આ કામે તપાસવામાં આવેલા મોટાભાગના પંચસાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે તેમજ ડોકટર સાહેદ તથા પોલીસ સાહેદ તેમની ફરજ દરમ્યાન પોતે કરેલ કાર્યવાહી અંગે ઔપચારીક જુબાની આપતા હોય તેથી તેઓનો પુરાવો સાબીત માની શકાય તેમ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીની આ ગુનામાં સંડોવણી હોય તેવો લેશમાત્ર પુરાવો જણાતો ન હોય અને ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**<u>મુદા:</u>**

(૮) ઉપરોકત તમામ વિગતોએ હાલનાં કેસનાં ન્યાયિક નિકાલ માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

// **મુદા** //

(૧) **શું ફરીયાદપક્ષ નિઃશંકપણે એવુ પુરવાર કરે છે કે,** મૃતક કરણભાઇ કારાભાઇ ચાવડાનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ છે?

(૨) **શું ફરીયાદપક્ષ નિઃશંકપણે એવુ પુરવાર કરે છે કે,** આ કામના આરોપીએ તા. ૩૧/૦૫/૨૦૧૭ ના ક. ૧૫:૦૦ વાગ્યાના સુમારે પોતાના હવાલાવાળું બોલેરો પીકઅપ વાન નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ નું બેફીકરાઇથી અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે જાણી જોઇને રોંગ સાઇડમાં પુરઝડપે હંકારી પોતાના આવા કૃત્યથી કોઇપણ વ્યકિતનું મૃત્યુ નીપજે તેવું જાણતા હોવા છતાં ઇરાદાપુર્વક વાહન ચલાવી મરણ જનાર કરણભાઇ કારાભાઇ ચાવડા ઉ.વ. ૧૭ રહે. મોબતપરાવાળાને હડફેટમાં લઇ માથામાં તથા શરીરે ગંભીર તથા છોલાણ ઇજાઓ કરી તેનું મૃત્યુ નિપજાવી બોલેરો વાહન લઇ નાશી જઇ ગુનો કરી પાછળથી પકડાઇ જઇ, ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૩) શું હુકમ?

(૯) ઉપરોકત મુદાઓ પરના ટુંકમાં નિર્ણયો તથા નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ

//**<u>નિર્ણય અંગેના કારણો</u>** //

**(૧૦)** ઉપરોકત મુદ્ધાના સંદર્ભમાં કારણોની ચર્ચા કરતા પહેલા ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો, ફરીયાદપક્ષના કેસ અનુસાર, આ કામના આરોપીએ તા. ૩૧/૦૫/૨૦૧૭ ના ક. ૧૫:૦૦ વાગ્યાના સુમારે પોતાના હવાલાવાળું બોલેરો પીકઅપ વાન નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ નું બેફીકરાઇથી અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે જાણી જોઇને રોંગ સાઇડમાં પુરઝડપે હંકારી પોતાના આવા કૃત્યથી કોઇપણ વ્યકિતનું મૃત્યુ નીપજે તેવું જાણતા હોવા છતાં ઇરાદાપુર્વક વાહન ચલાવી મરણ જનાર કરણભાઇ કારાભાઇ ચાવડા ઉ.વ. ૧૭ રહે. મોબતપરાવાળાને હડફેટમાં લઇ માથામાં તથા શરીરે ગંભીર તથા છોલાણ ઇજાઓ કરી તેનું મૃત્યુ નિપજાવી બોલેરો વાહન લઇ નાશી જઇ ગુનો કરી પાછળથી પકડાઇ જઇ, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબના ગુન્હો કર્યાનો આક્ષેપ છે.

**મુદ્દા નં.૧ અને ૨:-**

**(૧૧)** આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષનો કેસ જોતા આ કામના આરોપીએ તા. ૩૧/૦૫/૨૦૧૭ ના ક. ૧૫:૦૦ વાગ્યાના સુમારે પોતાના હવાલાવાળું બોલેરો પીકઅપ વાન નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ નું બેફીકરાઇથી અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે જાણી જોઇને રોંગ સાઇડમાં પુરઝડપે હંકારી પોતાના આવા કૃત્યથી કોઇપણ વ્યકિતનું મૃત્યુ નીપજે તેવું જાણતા હોવા છતાં ઇરાદાપુર્વક વાહન ચલાવી મરણ જનાર કરણભાઇ કારાભાઇ ચાવડા ઉ.વ. ૧૭ રહે. મોબતપરાવાળાને હડફેટમાં લઇ માથામાં તથા શરીરે ગંભીર તથા છોલાણ ઇજાઓ કરી તેનું મૃત્યુ

નિપજાવી બોલેરો વાહન લઈ નાશી જઇ ગુનો કરી પાછળથી પકડાઇ ગયેલ છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે છે.

**(૧૧.૧)** આ હકિકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓની હકીકતોનો અભ્યાસ કરીએ તો, ફરીયાદપક્ષના **ફરીયાદી કરણભાઈ બાવનભાઈ મકવાણા આંક-૦૮ થી સાહેદ નં.૧** તરીકે પુરાવો આપે છે કે, બનાવ એક વર્ષ પહેલા બનેલો. બનાવના અરસામાં તેમની પાસે બે ટ્રકો હતા જેમાં એક ટ્રકના નં. જી.જે.૨૫.યુ.૯૮૩૩ છે. બનાવના અરસામાં આ ટ્રક તેમનો ભાઈ સરમણ બાવન મકવાણા લઈ ગયેલો હતો અને તેમાં ઓઇલ વિગેરે સામાન બદલાવવાનો હતો જેથી તેઓ બપોરના સમયે કુતિયાણા મારુતી શો રુમ (ટાટા) માંથી જરુરી સ્પેરપાર્ટસ લઈ અને આ મારુતી ઓટો મોટર્સમાં કામ કરતો કરણભાઈ ચાવડા તેમની સાથે સામેની સાઈડે રોડની કીનારી પાસે સામાન મુકી અને ટાટા શો રુમે જતો હતો ત્યારે રોંગ સાઇડમાંથી યુટીલીટી ગાડી ફુલ સ્પીડમાં આવી કરણને હડફેટે લેતા આ કરણનો ઘા થતા તે પડી ગયેલો અને તેને એક પગ છુંદાય ગયો હતો અને માથાના ભાગે ઈજા થવાથી લોહી નીકળતા હતા. તે બોલીચાલી શકતો ન હતો અને ત્યાં ડેલેથી નાગાભાઈ વિગેરે માણસો ભેગા થઇ ગયેલા અને પછી આ કરણને એમ્બ્યુલન્સમાં તેને દવાખાને નાગાભાઈ વિગેરે માણસો લઈ ગયેલા અને આ કરણનું મૃત્યુ નીપજેલું. વધુમાં ફરીયાદી જણાવે છે કે, બનાવ બનવાનું કારણ એ છે કે, યુટીલીટી બોલેરો રોંગ સાઇડમાં પુરઝડપે આવી કરણને હડફેટે લેતા આ બનાવ બનેલો. તેઓએ આ વાહન સીસીટીવી કેમેરામાં જોયેલું. આ બનાવ અંગે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી જે ફરીયાદમાં સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક-૦૯ થી રજુ છે.

જયારે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાત સ્વિકારે છે કે, બનાવ સમયે યુટીલીટી વાહન કોણ ચલાવતું હતું તે ચાલકના વર્ણનની તેમને ખબર નથી. આ યુટીલીટી વાહનની ઉપરના ભાગે કેરીયર હતું અને ડ્રાઈવર સાઇડનો અરીસો તુટી ગયેલ હતો. તેઓ એ વાત સ્વીકારે છે કે, બનાવ સ્થળે ભેગા થયેલા માણસો પાસે યુટીલીટીના નંબર ન હતા. ફરીયાદી વધુમાં ઉલટ તપાસમાં જણાવે છે કે, બનાવ સ્થળે કોઇ માણસોએ ડ્રાયવરને જોયેલ નથી.

આમ, ફરીયાદીની સમગ્ર જુબાની તથા આંક-૦૯ થી રજુ ફરીયાદ લક્ષમાં લેતા ફરીયાદી યુટીલીટી વાહન ફુલ સ્પીડમાં આવી કરણને હડફેટે લેતા કરણ ઘા થતા પડી ગયેલ અને તેને ઈજા થતા આ કરણનું મૃત્યુ નિપજેલ તેમ જણાવે છે

પરંતુ બનાવમાં જે યુટીલીટી વાહને મરણ જનાર કરણને હડફેટે લીધેલ તેના ચાલકનું નામ ફરીયાદી જણાવતા નથી કે તે યુટીલીટી વાહનના નંબર પણ ફરીયાદી તેમની જુબાનીમાં જણાવતા નથી તેમજ ફરીયાદમાં પણ વાહનના નંબર દર્શાવેલ ગથી. વધુમાં ફરીયાદીએ આ વાહન સીસીટીવી કેમેરામાં જોયેલાનું જણાવેલ છે પરંતુ આ કામની તપાસ દરમ્યાન આવા કોઇ સીસીટીવી કેમેરાના કુટેજ કબજે લેવામાં આવેલ નથી તેમજ ટ્રાયલના કામે તેવા કુટેજ રજુ થયેલ નથી. ઉલટ તપાસમાં ફરીયાદી બનાવ સમયે યુટીલીટી વાહન કોણ ચલાવતું હતું તે ચાલકના વર્ણનની તેમને ખબર નથી તે હકીકતને સ્વીકારે છે. વધુમાં ઉલટ તપાસમાં બનાવ સ્થળે કોઇ માણસોએ ડ્રાઇવરને જોયેલ નથી તેમ પણ જણાવે છે. આમ ફરીયાદીની સમગ્ર જુબાની જોતાં યુટીલીટી વાહને મરણ જનાર કરણને હડફેટે લેતાં કરણને ઈજા થતાં મૃત્યુ પામેલાનું જણાવે છે પરંતુ તે યુટીલીટી વાહનના નંબરલ વાહનનો રંગ કે ચાલક બાબતે તઓ કોઈ હકીકત જણાવતા નથી. તેથી ફરીયાદીની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

(૧૧.૨) ફરીયાદપક્ષ તરફે **આંક–૫૧ સાહેદ નં. ૧૨** તરીકે **નાગાજણ છગનભાઇ ઓડેદરા** ની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓ જણાવે છે કે, તેમને ગેરેજ કુતીયાણાથી માલ ગામના રસ્તે મારુતી હોટલની બાજુમાં આવેલ છે. કરણ બાવનભાઇ મકવાણા ૨૦૧૭ માં સ્ટેર પાર્ટ લેવા તેમની દુકાને આવેલો હતો. તે બસની રાહ જોઇને સામે રોડ ઉપર ઉભો હતો. ત્યારે તેઓ ત્યાં હાજર ન હતા તેથી શું થયેલું તેની તેમને ખબર નથી અને તેમના ગેરેજમાં કામ કરતા રામભાઇનો તેમના પર ફોન આવેલો અને તેમને જણાવેલ કે કોઇ બોલેરો વાળાએ કરણને ઈજા કરીને જતો રહેલો છે. તે કોણ હતો તેની તેમને ખબર નથી તેમજ તે બોલેરો ગાડીના નંબરની તેમને ખબર નથી અને કુતિયાણા સરકારી દવાખાને તેઓ તથા તેમની સાથે બે ત્રણ જણા ગયેલા ત્યાં જાણવા મળેલ કે કરણભાઇનું મૃત્યુ નીપજેલ છે અને તેનું પી.એમ. ત્યાં કરવામાં આવેલું. વધુમાં સાહેદ જણાવે છે કે બોલેરો વાહનના અકસ્માત બાબતે તેઓ ત્યાં હાજર ન હોવાથી તેમને બીજી વીગતની કાઇ ખબર નથી. બનાવ વિશે બીજું કાઇ જાણતા નથી. વધુમાં સાહેદ જણાવે છે કે, એવુ બનેલ નહી કે બનાવ તેમની હાજરીમાં બનેલો હોય તેમજ તેઓએ તે જોયેલ હોય. આ સાહેદને ફરીયાદપક્ષે ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા વિ. સરકારી વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે

તેવી કોઇ હકીકત સાહેદ જણાવતા નથી. બચાવપક્ષ તરફે આ સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓની જુબાનીમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઇ હકીકત જણાવતા નથી. આ સાહેદ બનાવ વખતે બનાવવાળી જગ્યાએ હાજર ન હતા અને અકસ્માત બાબતે તેમના ગેરેજમાં કામ કરતા રામભાઇએ ફોન કરી જણાવતા જાણ થયેલી. સાહેદ તેમની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવે છે કે બોલેરો વાહનના અકસ્માત બાબતે તેઓ ત્યાં હાજર ન હોવાથી તેમને બીજી વીગતની કાઇ ખબર નથી તથા બનાવ વીશે બીજું કાઇ જાણતા નથી. આમ સદરહું સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

**(૧૧.૩)** ફરીયાદપક્ષ તરફે મોઢવાડીયા **આંક–૫૨** થી **સાહેદ નં. ૧૩– રામભાઇ લખમણભાઇ ઓડેદરા** પુરાવો આપે છે કે, ૨૦૧૭ ની સાલમાં તેમને તથા નાગાજણભાઇ છગનભાઇને પાર્ટનરમાં મારુતી ઓટો પાર્ટસ નામની પોરબંદર રાજકોટ નેશનલ હાઇવે રોડ ઉપર મારુતી હોટી પાસે આવેલી ને તે નાગાજણભાઇ ચલાવતા હતા. ગુજરનાર કરણ કારાભાઇ ચાવડા તેમની દુકાનમાં કામ કરતો કે કેમ તેની તેમને ખબર નથી. વધુમાં સાહેદ જણાવે છે કે, કરણ કારાભાઇ ચાવડાનો બનાવ આજથી કેટલા વર્ષ પહેલા બનેલો તેની તેમને ખબર નથી. કઇ રીતે બનાવ બનેલો અને શું બનાવ બનેલો તેની તેમને ખબર નથી. આ કરણ કારાભાઇ ચાવડાનું બનાવમાં મૃત્યુ નીપજેલું. વધુમાં સાહેદ જણાવે છે કે, એવું બનેલ નહી કે બનાવ તેમની હાજરીમાં બનેલો હોય તેમજ તે વખતે તેમની ગેરેજમાં કામ કરતા બીજા વ્યકિતઓ પણ હાજર હોય તેમજ આ બનાવ તેઓએ નજરે જોયેલ હોય. આ સાહેદને ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલશ્રી દવારા ઉલટ તપાસ માટે પરવાનગી આપવા છતા ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત આ સાહેદ જણાવતા નથી. બચાવપક્ષ તરફે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓની જુબાનીમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઇ હકીકત જણાવતા નથી. કરણ કારાભાઇ ચાવડાનો બનાવ કેટલા વર્ષ પહેલા કેઇ રીતે બનેલો અને શું બનેલો તેની તેમને ખબર ન હોવાનું સાહેદ જણાવે છે. તેથી આ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

**(૧૧.૪)** ફરીયાદપક્ષ તરફે મોઢવાડીયા **આંક-૬૦ થી સાહેદ નં.૧૫-કારાભાઈ રાજશીભાઈ ચાવડા તથા આંક-૬૧ થી સાહેદ નં.૧૬ પુતીબેન કારાભાઈ ચાવડા** કે જેઓ બંને ગુજરનાર કરણભાઈના માતા-પિતા થાય છે તેઓ પુરાવો આપી જણાવે છે કે, તેમને સંતાનમાં બે દીકરા હતા તેમાંથી એક દીકારનું અવશાન નીપજેલ છે. તેનું નામ કરણ હતું અને બનાવ વખતે તેની ઉંમર આશરે ૧૬ વર્ષની હતી. તેમનો ગુજરનાર દીકરો કરણ પોરબંદર રાજકોટ નેશનલ હાઈવે રોડ પર કોટડાના પાટીયા પાસે આવેલ ગેરેજમાં નોકરી કરતો હતો અને બનાવના દિવસે તે ડોલ ગાડીવાળને દેવા જતો હતો ત્યારે રોંગ સાઈડમાં બોલેરો ગાડી આવેલી અને બોલેરોવાળાએ તેમના દીકરાને ટકકર મારેલ અને તેને ઈજા થતા તેનું મૃત્યુ નિપજેલું.

બચાવપક્ષ તરફે આ બંને સાહેદોની ઉલટ તપાસમાં લેવામાં આવેલ. જેમાં તેઓએ એ વાત સ્વીકારેલ કે, બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય જેથી તેમને બનાવની જાત માહીતી નથી. તેઓ એ વાત સ્વકારે છે કે, અકસ્માત બાબતેની જાણ તેમને વાતો વાતોથી જાણવા મળેલ. અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર કે તેના ચાલકની તેને ખબર નથી. બોલેરો વાહન કયાં કલરનું હતું અને તેના નંબર શું હતા કે તેના માલીક કોણ હતું તેની તેમને ખબર નથી.

ઉપરોકત બંને સાહેદોની સમગ્ર જુબાની લક્ષમાં લેતા આ બંને સાહેદો કે જેઓ મરણ જનાર કરણના માતા-પિતા થાય છે અને તેમના દિકરા કરણનું મૃત્યુ નિપજેલાનું જણાવે છે અને બોલેરોવાળાએ રોંગ સાઈડમાં આવી તેમના દીકરાને ટકકર મારેલ અને તેને ઈજા થતા મૃત્યુ પામેલાનું જણાવે છે પરંતુ આ બંને સાહેદો તેમના દિકરાને ટકકર મારનાર બોલેરોના નંબર જણાવતા નથી કે સદર બોલેરોના ડ્રાઈવર કોણ હતા તેનું નામ પણ જણાવતા નથી. ઉલટ તપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી બનાવની કોઈ જાત માહીતી ન હોવાનું પણ જણાવે છે. આમ આ બંને સાહેદો તેમની જુબાનીમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઈ હકીકત જણાવતા નથી. તેથી ફરીયાદીની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

**(૧૧.૫)** ફરીયાદપક્ષ તરફે આંક-૫૩ થી ગુજરનારનું પી.એમ. કરનાર **સાહેદ નં. ૧૩ મેડીકલ ઓફીસર-ડો. વેજીબેન કેશુભાઈ ઓડેદરા**ની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓએ તેમની ફરજના ભાગરૂપે પી.એમ.દરમ્યાન કરેલ કાર્યવાહી સબંધેનો પુરાવો આપેલ છે અને ગુજરનાર કરણભાઈની લાશ પર જે ઈજાઓ જણાયેલ તે અન્વયે વિગતવાર વર્ણન કરેલ છે તેમજ મરણજનારના મૃત્યુના કારણમાં મગજ

જેવા મહત્વના અંગને ગંભીર ઈજા થતા ન્યુરોજેનીક શોક થતા શ્વાસ અને હૃદયની ક્રિયાઓ બંધ થવાથી થયેલ હોવાનું જણાવી તેમની જુબાની દરમ્યાન પી.એમ.નોટ આંક–૫૮ થી રજુ રાખેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓએ આવું કોઈ પી.એમ. કરેલ ન હોય અને પોલીસ દવારા મળેલ યાદીના આધારે ખોટી પી.એમ. નોટ તૈયાર કરેલ છે. આ ડોકટર સાહેદે સરતપાસમાં જણાવ્યા પ્રમાણે લાશ પર થયેલી ઈજાઓ અકસ્માતથી થઈ શકે તેવી હતી તેમ જણાવેલ છે. આ કામના ફરીયાદી તથા મહત્વના સાહેદોએ બોલેરો કારે ટકકર મારતા કરણનું મૃત્યુ થયેલાનું જણાવેલ છે પરંતુ સદર બોલેરોના નંબર કે તેને ચલાવનાર કોણ હતું તે અન્વયે ફરીયાદી તેમની ફરીયાદમાં કે જુબાનીમાં જણાવતા નથી તેમજ આ કામે તપાસવામાં આવેલ સાહેદો પણ તેમની જુબાનીમાં સદર બોલેરો વાહનના નંબર કે તેને ચલાવનારાનું નામ જણાવતા નથી. જેથી માત્ર ડોકટર સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષનો સમગ્ર કેસ સાબીત માની શકાય નહી અને બનાવમાં આરોપીની સંડોવણી સદર સાહેદની જુબાની આધારે પુરવાર માની શકાય તેવો કોઈ પુરાવો સદર સાહેદ ધ્વારા આપવામાં આવેલ નથી.

**(૧૧.૬)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **આંક–૬ર થી સાહેદ નં. ૧૭ તરીકે તપાસ કરનાર અધીકારી–વિજય નાથાભાઈ શીંગરખીયાની** સમગ્ર જુબાની લક્ષમાં લેતા સને–૨૦૧૭ મા તેઓ કુતીયાણા પો.સ્ટે.મા પોસઈ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે કુતીયાણા પો.સ્ટે. સ્ટેશનડાયરી એન્ટ્રી નં.૧૩/૧૭ ની તપાસ પોહેકો જે.ડી.વદર કરતા હતા. આ સ્ટેશનડાયરી એન્ટ્રી ના કામે તેઓએ મરણ જનાર કરણ કારાભાઈ ચાવડા ની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ ભરેલુ. ગઈ તા.૩૧/૫/૧૭ ના રોજ તેઓ પીએસઆઈ તરીકે કુતીયાણા પો.સ્ટે.મા ફરજ પર હતા તે વખતે ફરીયાદી કરણ બાવાભાઈ મકવાણા ઉ.વ.૨૬ રહે. ખંભાળા રાણાવાવ નાઓએ પો.સ્ટે. રુબરુ આવી ફરીયાદ જાહેર કરતા તેઓના લખાવ્યા જણાવ્યા મુજબની તેઓની ફરીયાદ લીધેલી. સાહેદ આંક–૯ ની ફરીયાદમાં ફરીયાદીની તથા રુબરુ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ કામે તેઓએ લીધેલ અસલ ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા માટે પીએસઓ ને યાદી સાથે અસલ ફરીયાદ મોકલી આપેલ. પીએસઓ એ સ્ટેશનડાયરી મા ગુ.ર.નં. ફસ્ટ ૨૬/૧૭ થી ગુનો રજીસ્ટર કરી આ ગુનાની આગળની તપાસ તેઓને સોપેલી. સદર ગુનાના કામે સ્થળ નીરીક્ષણ માટે એફએસએલ અધીકારીને મેસેજ કરેલ. બનાવવાળી જગ્યાનુ બે પંચોની હાજરીમા મે પંચનામુ કરેલ. બનાવવાળી

જગ્યાએથી લોહીના ધાબામાથી સેમ્પલ લીધેલ તેમજ બનાવવાળી જગ્યાએ પડેલ કાચના ટુકડા તથા અરીસાનુ તુટેલ ફાઇબરના ટુકડા તેમજ કંટ્રોલ સેમ્પલ લીધેલ. આ કામે તેઓએ સાહેદ નાગાજણ છગનભાઇ ઓડેદરા, રામભાઇ લખમણભાઇ ઓડેદરા, ભરત લીલાભાઇ ઓડેદરા, કીશન બાબુભાઇ મકવાણા, મુળુભાઇ બાબુભાઇ કોડીયાતર, વીરમભાઇ રાજશીભાઇ મોઢવાડીયા, સંજય કારાભાઇ ઓડેદરા, કારાભાઇ રાજશીભાઇ ચાવડા, આવડાભાઇ કારાભાઇ ચાવડા, પુતીબેન કારાભાઇ ચાવડા, કાનાભાઇ રાજશીભાઇ ચાવડા, નાથાભાઇ અરજણભાઇ ચાવડા અને રામભાઇ ડાયાભાઇ ઓડેદરા ના નીવેદનો લઇ તપાસના કામે સામેલ રાખેલ. તપાસ દરમીયાન આરોપી મળી આવતા તેઓને અટક પંચનામાની વીગતે ગુનાના કામે અટક કરેલ અને તેણે બનાવમા ઉપયોગમા લીધેલ બોલેરો તપાસ અર્થે કબજે લીધેલ. તેમજ તેનુ આરટીઓ મારફત તેમજ એફએસએલ અધીકારી મારફત પરીક્ષણ કરાવેલ. તેમજ આ બોલેરો ના ડ્રાયવર સાઇડના અરીસાનો બાકીનો તુટેલો ભાગ તેઓએ પંચનામાની વીગતે તપાસ અર્થે કબજે લીધેલ. અને મરણ જનારના પી.એમ વખતે ડોકટરશ્રીએ લીધેલ બ્લડ સેમ્પલ આવી જતા પંચનામાની વીગતે તપાસ અર્થે કબજે લીધેલ. તેમજ મરણ જનારની પી.એમ નોટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ કબજે કરેલ મુદામાલ ની સત્તાના પ્રમાણપત્ર તથા શીલના નમુના સાથેની રવાનગી નોંધ તૈયાર કરી એફએસએલ મા પરીક્ષણ માટે મોકલી આપેલ. તેમજ આ કામે બોલેરો કાર ની આર.સી બુક તથા જરુરી ડોકયુમેન્ટો મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ સ્થાનીક પરીક્ષણ નો અહેવાલ આવી જતા તે તપાસના કામે સામેલ રાખેલ.તા.૧૭/૬/૧૭ ના રોજ મારી બદલી થઇ જતા આગળની તપાસ પીએસઆઇ આર.ડી.ચોરાડા ને સોપી અને તેઓએ આ ગુનાની આગળની તપાસ કરી આરોપી સામે પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટમા ચાર્જશીટ કરેલ. જે પીએસઆઇ ચોરાડાનુ અવસાન નીપજેલ હોય તેઓ હાલ હયાત નથી. પરંતુ તેઓએ સાથે કામ કરેલ હોય તેમના હસ્તાક્ષરો તથા સહીથી તેઓ વાકેફ છે. આરોપીને તેઓ જોયેથી ઓળખી શકે. સાહેદને વી.સી મારફતે કોર્ટમા હાજર આરોપી બતાવતા તેઓ આરોપીને ઓળખી બતાવે છે. મુદામાલ જોઇ સાહેદ જણાવે છે કે, તપાસ દરમીયાન કબજે કરવામા આવેલ તે જ છે. સાહેદે જુબાની દરમ્યાન આંક-૬૩ થી આંક-૭૪ સુધીના દસ્તાવેજો રજુ રાખેલ. તેઓએ સાહેદ નાગાજણભાઇ છગનભાઇ ઓડેદરા, સાહેદ રામભાઇ લખમણભાઇ ઓડેદરાનાઓના નિવેદનો લીધેલા.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ એ વાત સ્વીકારે છે કે, તપાસના કામે આરોપીની સાહેદો પાસે ઓળખ પરેડ કરાવેલ નથી. તેઓ એ વાત સ્વીકારે છે કે, ફરીયાદમાં આરોપીનું નામ ખુલેલ નહી પરંતુ વાહનનો પ્રકાર દર્શાવેલ હતો અને તેના ચાલક સામે ફરીયાદો હતી. તેઓ એ વાત સ્વીકારે છે કે, બનાવ સ્થળે બોલેરો પીકઅપ મળી આવેલ ન હતો. તેઓ જણાવે છે કે, તપાસના કામે આરોપીના ઘરના પાછળથી બોલેરો પીકઅપ મળી આવેલી.

ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતાં તેઓએ તેમની ફરજના ભાગરુપે કરેલ તપાસની કાર્યવાહીને સમર્થનકારક જુબાની આપે છે. પરંતુ તેઓએ ઉલટ તપાસમાં જણાવ્યા પ્રમાણે તેઓએ આરોપીની સાહેદો પાસે ઓળખ પરેડ કરાવેલ નથી. તેમજ ફરીયાદી તથા અન્ય સાહેદોએ આરોપીની ઓળખ બાબતની કોઇ વિગત તેમની જુબાનીમાં જણાવેલ નથી. આમ સદર સાહેદની જુબાની આધારે પણ બનાવમાં આરોપીની સંડોવણી ફલીત થતી નથી.

**(૧૧.૭)** ફરીયાદપક્ષ તરફે **આંક–૧૯ થી** સાહેદ નં. ૨ તરીકે **પંચ સાહેદ– દેવાભાઇ છગનભાઇ ઓડેદરા** ને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે, પાંચેક વર્ષ પહેલા કુતીયાણા આવેલ તેમના ગેરેજ પર હાજર હતા ત્યારે એક લાશનું પંચનામું કરવાનું હોય તે અંગેની પોલીસે સમજ કરેલી. જે લાશ ૧૭ વર્ષના એક છોકરાની હતી જે છોકરાનું અકસ્માતમાં મોત નીપજેલું હતું જે લાશ ઉપર માથાના ભાગે ઇજાઓ તેઓએ જોયેલ અને તેનું વિગતવારનું પંચનામું કરેલું અને ત્યારબાદ તેમની પંચનામામાં સાહી લીધેલ. સદર લાશ કરણભાઇ કારાભાઇ ચાવડાની હતી તેવું તેમને જાણવા મળેલું. સદર ઇન્કવેસ્ટ પંચનામામાં સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે જે આંક–પી–૨૦ થી રજુ છે. બચાવપક્ષે સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવી નથી.

આ સાહેદની જુબાની જોતાં તેઓ એક છોકરાનું અકસ્માતમાં મૃત્યુ થતાં તેઓની લાશનું ઇન્કવેસ્ટ પંચનામું કરેલાની હકીકત જણાવે છે અને સદર ઇન્કવેસ્ટ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે. પરંતુ સદર અકસ્માત કેવી રીતે થયેલ અને કોણે કરેલ તે અંગેની કોઇ વિગતો આ સાહેદની જુબાનીમાં પણ જણાતી નથી.

**(૧૧.૮)** ફરીયાદપક્ષ તરફે **આંક–૨૯ થી** સાહેદ નં.૩ તરીકે **પંચ સાહેદ– ભરત સરમણભાઇ પરમાર**ને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે, છ વર્ષ

પહેલા કુતીયાણા પોલીસના બોલાવવાથી તેઓ માલ ગામની સીમમાં હાઈવે રોડ ઉપર મારૂતી ગેરેજ સામે હાજર થયેલ. ત્યાં એક ભાઈ હાજર હતા તેણે બનાવવાળી જગ્યા બતાવેલી. ત્યાં લોહીના ધાબા હતા અને ધાબામાંથી પોલીસે સેમ્પલો લીધેલા. ત્યાં બે દિશામાં પોરબંદર રાજકોટ હાઈવે આવેલ હઅ ને બાકીની બે દીશામાં વાડીઓ આવેલ હતી. આ અંગેનું લખાણ પોલીસે તેમની હાજરીમાં કરેલું અને તેમાં તેઓએ સહી કરેલી અને તેમની સાથેના બીજા પંચ અમર નાનજીભાઈએ પણ તેમાં સહી કરેલી. જે પંચનામામાં સાહેદ પોતાની તથા બીજા પંચ અમર નાનજીભાઈની સહીઓ ઓળખી બતાવે છે. જે પંચનામું આંક–૩૦/પી થી રજુ છે. સદર જગ્યાએથી જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તેની મુદ્દામાલ કાપલીઓમાં સાહેદ પોતાની તથા બીજા પંચ અમર નાનજીભાઈની સહીઓ ઓળખી બતાવે છે. જે કાપલીઓ આંક–૩૧/પી થી આંક–૩૩/પી સુધીની રજુ છે.

બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સાહેદ એ વાત સ્વીકારે છે કે, તેઓ જયારે સ્થળ પર પહોંચ્યા ત્યારે પોલીસ ત્યાં હાજર હતી અને લખાણ કરતી હતી. તેઓ એ વાત સ્વીકારે છે કે, પંચનામું પોલીસના સાહેબ લખાવતા હતા અને તેમના માણસ લખતા હતા. તેઓ એ વાત સ્વીકારે છે કે, લખાણ પુરુ થયા પછી તેમને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓ એ વાત સ્વીકારે છે કે, આ લખાણમાં તેમજ કાપલીઓમાં તેમની સહી લીધા પછી તેમને કહેલ કે, તમે જાવ જેથી તેઓ નીકળી ગયેલા.

આ પંચસાહેદ કે જેઓ બનાવવાળી જગ્યાના પંચનામા વખતે બનાવવાળી જગ્યાએ હાજર હતા અને તેઓએ તે જગ્યાની સ્થળ સ્થીતી વિશે જુબાનીમાં જણાવેલ અને તે જગ્યાએથી પોલીસે કબજે લોહીના ધાબામાંથી લીધેલ સેમ્પલ તથા ફાયબરના ટુકડા તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલા હોવાનું જણાવે છે. પરંતુ તેઓ ઉલટ તપાસમાં લખાણ પુરુ થયા પછી તેમને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલાની હકીકત સ્વીકારે છે. આમ આ પંચસાહેદની જુબાનીથી બનાવવાળી જગ્યાને તથા તે જગ્યાએથી લોહીના ધાબામાંથી લીધેલ સેમ્પલ તથા ફાયબરના ટુકડા પોલીસ દવારા કબજે લેવામાં આવેલ હોાવની હકીકતને સમર્થન મળે છે. પરંતુ બનાવ સ્થળે અકસ્માત કરનાર વાહન નહી હોવાનું આ સાહેદની જુબાનીથી જણાઈ આવે છે.

**(૧૧.૯)** ફરીયાદપક્ષ તરફે આ કામના આરોપીને અટક કર્યાના આંક–૩૫ ના પંચનામાના **સાહેદ નં. ૪ થી પંચ સાહેદ–રાજુભાઇ સરમણભાઇ મોઢવાડીયા**ની આંક–૩૪ તથા **સાહેદ નં. ૫ થી બીજા પંચ સાહેદ–ભીખુભાઇ મામદભાઇ રાનીયા**ની આંક–૩૬ ની જુબાની જોતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને વિધ્વાન સરકારી વકીલશ્રી ની સદર સાહેદોને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલ પુછવા પરવાનગી આપતા સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસ લક્ષમાં લેતા પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત તેની ઉલટતપાસમાંથી રેકર્ડ પર આવતી નથી. આરોપીપક્ષે આ બંને સાહેદોની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ, સદર સાહેદોની જુબાનીથી આરોપીના અટક પંચનામાને સમર્થન મળતુ નથી પરંતુ તપાસ કરનાર અમલદારની જુબાની આધારે સદર આંક ૩૫ નું પંચનામું પુરવાર ગણવામાં આવે તો પણ સદર અટક પંચનામાં આધારે આરોપીની સદર ગુનામાં સંડોવણી બાબતની કોઇ સમર્થનકારક હકીકત આરોપીના અટક પંચનામામાં ફલીત થતી નથી.

**(૧૧.૧૦)** ફરીયાદપક્ષ તરફે આ કામમાં બનાવમાં વપરાયેલ વાહન બોલેરો રજી. નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ ની એફએસએલ તપાસણી અર્થે તથા તેમા રહેલ અરીસાનો ફાઇબરનો ટુકડો કાઢી એફએસએલ તપાણી અર્થે કૂાવા સારૂ કુતિયાણા પો.સ્ટે. રખાવવા તજવીજ કરેલ હોવા બાબતના આંક–૩૮ ના પંચનામાના **પંચ સાહેદ–ગોપાલભાઇ કાનજીભાઇ સોલંકી**ની આંક–૩૭ થી **સાહેદ નં. ૬** તરીકે ની તથા બીજા **પંચ સાહેદ–જાગીરસીંઘ ગરીબદાસ લાલકા**ની આંક–૪૦ થી **સાહેદ નં. ૭** તરીકે ની જુબાની જોતા તેઓ જુબાની દરમ્યાન હોસ્ટાઇલ જાહેર થયેલ છે.વિધ્વાન સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસ લક્ષમાં લેતા પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત તેની ઉલટતપાસમાંથી રેકર્ડ પર આવતી નથી. આરોપીપક્ષે આ બંને સાહેદોની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૧.૧૧)** ફરીયાદપક્ષ તરફે આ કામમાં બનાવમાં વપરાયેલ વાહન બોલેરો રજી. નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ માંથી ફાઇબરનો ટુકડો કબજે કર્યાના આંક–૪૨ ના પંચનામાના **પંચ સાહેદ–વિવેકભાઇ અરવિંદભાઇ વાળા**ની આંક–૪૧ થી **સાહેદ નં. ૮** તરીકે ની તથા બીજા **પંચ સાહેદ–રવિભાઇ મનસુખભાઇ શીંગરખીયા**ની આંક–૪૪ થી **સાહેદ નં. ૯** તરીકે ની જુબાની જોતા તેઓ જુબાની દરમ્યાન હોસ્ટાઇલ જાહેર થયેલ

છે. વિધ્વાન સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસ લક્ષમાં લેતા પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત તેની ઉલટતપાસમાંથી રેકર્ડ પર આવતી નથી. આરોપીપક્ષે આ બંને સાહેદોની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૧.૧૨)** ફરીયાદપક્ષ તરફે આ કામમાં મરણ જનારના પ સીસી બ્લડ સેમ્પલ કબજે કર્યાના આંક-૪૭ ના પંચનામાના **પંચ સાહેદ-ભાવેશ દેવાભાઇ ઓડેદરા**ની **સાહેદ નં. ૧૦** તરીકે આંક-૪૬ ની તથા બીજા પંચ સાહેદ-**ભનુ દેવશીભાઇ ઓડેદરા**ની **સાહેદ નં. ૧૧** તરીકે આંક-૪૯ ની જુબાની જોતા તેઓ જુબાની દરમ્યાન હોસ્ટાઇલ જાહેર થયેલ છે.વિધ્વાન સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસ લક્ષમાં લેતા પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત તેની ઉલટતપાસમાંથી રેકર્ડ પર આવતી નથી. આરોપીપક્ષે આ બંને સાહેદોની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** સદરકામે ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાની ધ્યાને લેતાં મરણ જનારને વાહન અકસ્માતમાં ઈજા થયેલાનુંત થા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયેલ હોવાની બાબતને સમર્થન મળેછે. સદર કામે રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામું ધ્યાને લેતાં પણ મરણ જનારને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ હોવાનું જણાય આવે છે તેમજ સાહેદ નં. ૧૩ થી તપાસવામાં ડોકટરશ્રીની જુબાની જોતાં મરણ જનારને ડાબી આંખના ભાગે બહારની તરફ તથા ડાબી આંખની નીચેના ભાગે ઓબ્લીક કટ હતું તેમજ સી શેઇપનું સીએલડબલ્યુ ડાબા મેન્ડીબલના ખુણાના ભાગે કટ લેસરેટેડ વુન્ડ હોવાનું તથા ડબા ટીબીયાના ભાગે કમ્પાઉન્ડ ફ્રેકચર હોવાનું તથા માથાના ડાબી બાજુના કાન અને આંખની વચ્ચેના ઉપરના ભાગે ફ્રન્ટલ બોનનું ફ્રેકચર હોવાનું જણાય આવે છે તથા આ ઈજાઓ મૃત્યુ પહેલાની હોવાની અને અકસ્માતમાં થઇ શકે તેવા પ્રકારની હોવાનું જણાય છે. આમ ફરીયાદપક્ષે મરણ જનારનું મૃત્યુ અકુદરતી રીતે અને વાહન અકસ્માતમાં થયેલ હોવાનું શંકારહીત પુગવાર થાય છે. જેથી **મુદા નં.૧** નો નિર્ણય '**હકારમાં**' ઠરાવવામાં આવે છે.

**(૧૨.૧)** આરોપી સામે મુકવામાં આવેલ તહોમત જોતા બનાવ વખતે વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઇડ ઉપર ચલાવવાના કારણે અકસ્માત

થયેલ હોય પરંતુ અકસ્માતના બનાવમાં અકસ્માત કરનાર વાહન આરોપી ચલાવતા હોવાનું પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહેલ છે જેથી સદર અકસ્માતના બનાવમાં સંડોવાયેલ વાહન બાબત તેમજ તે વાહન આરોપી ચલાવતા હતા તે બાબત પુરવાર થયેલ છે કે કેમ નકકી કરવાનું રહે છે. સદર બાબતે નામ. ગુજરાત વડી અદાલતના Zubendaben Bachubhai Desai & 3 Vs. State of Gujarat (Criminal Misc. Application no. 1412 of 2010) ના ચુકાદામાં કરેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે:

*Res ipsa loquitur is only a rule of evidence and operates in the domain of civil law specially in cases of torts and helps in determining the onus of proof in actions relating to negligence. It cannot be pressed in service for determining per se the liability for negligence within the domain of criminal law. Res ipsa loquitur has, if at all, a limited application in trial on a charge of criminal negligence.*

**(૧૨.૩)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કામના ફરીયાદી કરણભાઇ બાવનભાઇ મકવાણાનાઓની આંક-૦૮ થી રજુ જુબાની વંચાણે લેતાં ફરીયાદી યુટીલીટી વાહન ફુલ સ્પીડમાં આવી કરણને હડફેટે લેતા કરણ ઘા થતા પડી ગયેલ અને તેને ઇજા થતા આ કરણનું મૃત્યુ નિપજેલ તેમ જણાવે છે પરંતુ બનાવમાં જે યુટીલીટી વાહને મરણ જનાર કરણને હડફેટે લીધેલ તેના ચાલકનું નામ ફરીયાદી જણાવતા નથી કે તે યુટીલીટી વાહનના નંબર પણ ફરીયાદી તેમની જુબાનીમાં જણાવતા નથી. વધુમાં ફરીયાદીએ આ વાહન સીસીટીવી કેમેરામાં જોયેલાનું જણાવેલ છે પરંતુ આ કામમાં આવા કોઇ સીસીટીવી કેમેરાના ફુટેજ રજુ થયેલ નથી. ઉલટ તપાસમાં ફરીયાદી બનાવ સમયે યુટીલીટી વાહન કોણ ચલાવતું હતું તે ચાલકના વર્ણનની તેમને ખબર નથી તે હકીકતને સ્વીકારે છે. ઉલટ તપાસમાં બનાવ સ્થળે કોઇ માણસોએ ડ્રાઇવરને જોયેલ નથી તેમ પણ જણાવે છે.

**(૧૨.૪)** આમ, ફરીયાદીની સમગ્ર જુબાની જોતાં યુટીલીટી વાહને મરણ જનાર કરણને હડફેટે લેતાં કરણને ઇજા થતાં મૃત્યુ પામેલાનું જણાવે છે પરંતુ તે યુટીલીટી વાહનના નંબર કે ચાલક બાબતે તઓ કોઇ હકીકત જણાવતા નથી. આ કામમાં આંક-૫૧ થી સાહેદ નાગાજણ છગનભાઇ ઓડેદરાને તથા આંક-૫૨ થી સાહેદ રામભાઇ લખમણભાઇ ઓડેદરાને તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદોને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રી

દવારા બંને સાહેદોની ઉલટ તપાસ કરવા છતાં ઉલટ તપાસમાં ફરીયાદપક્ષને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત આ સાહેદો જણાવતા નથી. આ કામમાં આંક- ૬૦ થી સાહેદ કારાભાઇ રાજશીભાઇ ચાવડાને તથા આંક-૬૧ થી પુતીબેન કારાભાઇ ચાડાને તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદો કે જેઓ મરણ જનાર કરણના માતા-પિતા થાય છે અને તેમના દિકરા કરણનું મૃત્યુ નિપજેલાનું જણાવે છે અને બોલેરોવાળાએ રોંગ સાઇડમાં આવી તેમના દીકરાને ટકકર મારેલ અને તેને ઈજા થતા મૃત્યુ પામેલાનું જણાવે છે પરંતુ આ બંને સાહેદો તેમના દિકરાને ટકકર મારનાર બોલેરોના નંબર જણાવતા નથી કે સદર બોલેરોના ડ્રાઈવર કોણ હતા તેનું નામ પણ જણાવતા નથી. ઉલટ તપાસમાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી બનાવની કોઈ જાત માહીતી ન હોવાનું પણ જણાવે છે. આમ આ બંને સાહેદો તેમની જુબાનીમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઈ હકીકત જણાવતા નથી.

**(૧૨.૫)** આંક-૧૯ થી તપાસવામાં આવેલ પંચ દેવાભાઇ છગનભાઇ ઓડેદરાનાઓની જુબાની ધ્યાને લેતાં તેઓ આંક-પી/૨૦ થી રજુ ઇન્કવેસ્ટ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે અને લાશ પર માથાના ભાગે ઈજાઓ હોવાનું જણાવે છે. અન્ય કોઇ વિગત આ સાહેદ જણાવતા નથી. આંક-૨૯ થી તપાસવામાં આવેલ પંચસાહેદ ભરત સરમણભાઈ પરમાર આંક-૩૦/પી થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે અને બનાવવાળી જગ્યાના પંચનામા વખતે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર હતા અને તેઓએ તે જગ્યાની સ્થળ સ્થીતી વિશે જુબાનીમાં જણાવેલ અને તે જગ્યાએથી પોલીસે કબજે લોહીના ધાબામાંથી લીધેલ સેમ્પલ તથા ફાયબરના ટુકડા તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલા હોવાનું જણાવે છે. પરંતુ તેઓ ઉલટ તપાસમાં લખાણ પુરુ થયા પછી તેમને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલાની હકીકત સ્વીકારે છે. આમ, આ પંચસાહેદની જુબાનીથી બનાવવાળી જગ્યાને તથા તે જગ્યાએથી લોહીના ધાબામાંથી લીધેલ સેમ્પલ તથા ફાયબરના ટુકડા પોલીસ દવારા કબજે લેવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ કામે તપાસવામાં આવેલા અન્ય પંચસાહેદોને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને વિ. સરકારી વકીલશ્રી દવારા તેઓની ઉલટ તપાસ કરવા છતાં ઉલટ તપાસમાં પંચનામાંને સમર્થન મળી રહે તેવી કોઇ વિગત આ પંચસાહેદો જણાવતા નથી. આ કામે તપાસવામાં આવેલ ડોકટર સાહેદ તથા પોલીસ સાહેદે તેઓએ કરેલ કામગીરી સબબ ઔપચારીક હકીકત જુબાનીમાં જણાવેલ છે.

**(૧૨.૬)** ઉપરોકત પુરાવો જોતાં ફરીયાદપક્ષ દવારા આરોપીની સંડોવણી બાબતે કોઈ મૌખીક પુરાવો રજુ કરવામાં આવેલો નથી ને સાહેદો તથા ફરીયાદી દવારા બોલેરો પીકઅપના ચાલકે મરણ જનારને ટકકર મારી અકસ્માત કરેલ હોવાનું જણાવે છે. પરંતુ તે વાહનના ચાલક કોણ હતા તે જણાવતા નથી તેમજ વાહનના રજીસ્ટ્રેશન નંબર કે વાહન કે તેના ચાલકની કોઇ વિશીષ્ટ બાબતો કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ નથી. તપાસ દરમ્યાન શા આધારે આરોપી તથા તેના વાહનની સંડોવણી ફલીત થયેલ તે બાબતનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૨.૭)** તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ દરમ્યાન બનાવ સ્થળેથી મળી આવેલ ફાઇબરના ટુકડા તથા આરોપી પાસેથી કબજે લીધેલ વાહન તથા તે વાહનના અરીસાના ફાઇબરના ટુકડા એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલાવેલ પરંતુ આંક-૭૩ તથા આંક-૭૪ થી રજુ એફ.એસ.એલ. રીપોર્ટ ધ્યાને લેતાં બાયોલોજી પરીક્ષણ અહેવાલ મુજબ ફાઇબરના ટુકડા નમુના ''બી'' માં રુધીરની હાજરી મળી શકેલ નહી તેમજ નમુના ''ડી'' થી રવાના કરવામાં આવેલ આરોપીના વાહનના અરીસાના ફાઇટબરના ટુકડામાં પણ રુધીરની હાજરી મળી આવેલ નહી હોવાનો ઉલ્લેખ છે. અત્રે એ હકીકત નોંધવી જરુરી છે કે, સદર નમુના ''બી'' અને ''ડી'' વાળા ફાઇબરના ટુકડા એક જ પ્રકારના અને એક જ અરીસાના ફાઇબરના ટુકડા છે કે કેમ તે બાબતેનું તથા માર્ક-બી અને ડી માં લોહીની હાજરી છે કે કેમ તે બાબતેનું પરીક્ષણ કરવા માટેની વિનંતી આંક-૭૦ થી રજુ કરેલ રવાનગી નોંધમાં હોવા છતાં એફ.એસ.એલ. દવારા સદર નમુના ''બી'' અને ''ડી'' વાળા ફાઇબરના ટુકડા એક જ અરીસાના ટુકડા છે કે કેમ તે બાબતેનું કોઇ પૃથ્થકરણ કરવામાં આવેલ નહી હોવાનું જણાય આવે છે. આંક-૭૪ થી રજુ સીરોલોજી પરીક્ષણ અહેવાલમાં જોતાં તેમાં બનાવ સ્થળેથી લીધેલ કોટન થ્રેડ તથા મરણ જનારના લોહીના નમુનાનું પૃથ્થકરણ કરતા તેનું રુધીર જુથ ''બી'' હોવાનું જણાય આવે છે. પરંતુ માર્ક 'બી' અને 'ડી' ના ફાયબરના ટુકડામાં કોઇ રૂધીરની હાજરી જણાય આવેલ નથી. આમ ફોરેન્સીક પુરાવાથી પણ સદર બનાવમાં આરોપીનું વાહન સંડોવાયેલ હતું તેવું શંકારહીત પુરવાર થતું નથી.

**(૧૨.૮)** સદર કામે ત.ક.અમલદારશ્રી પણ જુબાનીમાં જણાવે છે કે, તેમણે બનાવમાં ઉપયોગમાં લેવાયેલ બોલેરો કબજે લીધેલ તેમજ આર.ટી.ઓ. તેમજ

એફ.એસ.એલ. તપાસ કરવામાં આવેલ પરંતુ સદર કામમાં આર.ટી.ઓ. દવારા કરવામાં આવેલ પરીક્ષણનો કોઈ રીપોર્ટ ટ્રાયલ દરમ્યાન રજુ કરેલ નથી. સદર કામે આંક–૬૭ થી રજુ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનો પ્રાથમીક અહેવાલ ધ્યાને લેતાં તેમાં સાયન્ટીફીક ઓફીસર દવારા અપાયેલ સુચનો જોતાં તેમાં ફોટોગ્રાફી કરાવવી તથા મારૂતી સ્ક્રેપ વર્કસમાં રહેલ સીસીટીવી કેમેરા તેમજ અન્ય કોઈ સીસીટીવી કેમેરા આજુબાજુ હોય તો તેના વીડીયો ફુટેજ મેળવવા સુચના આપેલી. તેમ છતાં તપાસના કામે કોઈ સીસીટીવી ફુટેજ ટ્રાયલ દરમ્યાન રજુ કરવામાં આવેલા નથી. ફરીયાદી પણ સરતપાસમાં જણાવે છે કે, તેમણે બનાવમાં વપરાયેલ વાહન સીસીટીવી કેમેરામાં જોયેલું તેમ છતાં તેવા સીસીટીવી ફુટેજ ટ્રાયલ દરમ્યાન રજુ કરેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ દવારા આરોપીની માલીકીની બોલેરો વાહન તેમજ આરોપીની અકસ્માતમાં સંડોવણી બાબતેના કોઈ શંકારહીત પુરાવા રજુ કરવામાં આવેલા નથી.

**(૧૨.૯)** આમ, સદર કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો સમગ્રપણે લક્ષમાં લેતા આ કામના આરોપીએ તા. ૩૧/૦૫/૨૦૧૭ ના ક. ૧૫:૦૦ વાગ્યાના સુમારે પોતાના હવાલાવાળું બોલેરો પીકઅપ વાન નં. જી.જે.૨૫.યુ.૭૭૮૬ નું બેફીકરાઈથી અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે જાણી જોઈને રોંગ સાઈડમાં પુરઝડપે હંકારી પોતાના આવા કૃત્યથી કોઈપણ વ્યકિતનું મૃત્યુ નીપજે તેવું જાણતા હોવા છતાં ઈરાદાપુર્વક વાહન ચલાવી મરણ જનાર કરણભાઈ કારાભાઈ ચાવડા ઉ.વ. ૧૭ રહે. મોબતપરાવાળાને હડફેટમાં લઈ માથામાં તથા શરીરે ગંભીર તથા છોલાણ ઈજાઓ કરી તેનું મૃત્યુ નિપજાવી બોલેરો વાહન લઈ નાશી ગયેલ હોય તેવું રેકર્ડ પર આવતું નથી નથી અને કોઈ સાહેદો પણ આવી કોઈ હકીકત જણાવતા નથી.

**(૧૩)** પરિણામે, ફરીયાદપક્ષના કેસની હકીકતો અને ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓની ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષમાં લેતા ફરીયાદપક્ષ મહત્વના પુરાવાઓથી આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત ભારતીય દંડ સંહીતાની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મજુબના ગુનામાં સમાવિષ્ટ આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવું છે. આથી સદરહુ પુરાવાઓની વિશેષ ચર્ચા ન કરતા હાલના કેસમાં રજુ થયેલ પુરાવાઓ તથા ઉપરોકત ચર્ચા ઉપરથી આ અદાલત

એવા તારણ ઉપર આવેલ છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધની તહોમત માહેની હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે ત્યારે આરોપીને સદરહુ ગુનાના કામે તકસીરવાન ઠરાવવાપાત્ર જણાઇ આવતું ન હોય **મુદા નં. ૨** નો નિર્ણય ''**નકારમાં**'' ઠરાવવામાં આવે છે.

**<u>મુદા નં.૩:</u>**

**(૨૦)** આમ ઉપરોકત મુદા નં.૨ અંગેના કારણોની ચર્ચા ધ્યાને લેતા મુદા નં.૩ અન્વયે નીચુ મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

(૧) હાલના સેશન્સ કેસ નં.**<u>૩૧/૨૦૧૭</u>** ના કામના **આરોપી નજીરભાઇ ગીગાભાઇ રાનીયાનાઓ**ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, એમ. વિ. એકટની કલમ ૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યા બાદ આ કબજે કરવામાં આવેલ તમામ બીનકિંમતી મુદ્દામાલનો નિયમાનુસારની કાર્યવાહી કરી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ પુરસીસથી જાહેર કરેલ છે કે બોલેરો વાહન તપાસના કામે પોલીસ સ્ટેશન લઇ ગયેલ અને તપાસ પુર્ણ થયા બાદ તેની કસ્ટડી આરોપીને પોલીસે સુપ્રત કરેલ અને હાલ પણ તે વાહનની કસ્ટડી આરોપી પાસેજ છે જેથી વાહનની કસ્ટડી બાબતે કોઇ હુકમ કરવાનો રહેતો નથી.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭-એ ની જોગવાઇ અન્વયે આરોપીએ રૂા.૨૫,૦૦૦-૦૦(અંકે રૂા.પચ્ચીસ હજાર પુરા) ના જાત મુચરકા અને તેટલી જ રકમના જામીન રજુ કરવા. જે છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજરોજ તા.૦૪ મી, માહે. જુલાઇ, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોરબંદર.
તા.૦૪/૦૭/૨૦૨૬

**(એમ. એ. ભટ્ટી)**
સેશન્સ જજ, પોરબંદર.
(UID No. GJ01506 )